वन्देमातरम.

हत्वा प्राप्स्यसे स्वर्गं जित्वा भोक्ष्यसे महीम्.

પ્રદ્યુમ્ન કુમાર

નાટકના ગાયનો.

શ્રી રમાકાન્ત નાટક સમાજ માટે

પ્રકાશક:—

એ. એમ. ઓઝા (મોરબી)

લેખક:—

રામજીભાઈ નાગરજી મહેતા (વલસાડ)

ત ૧૯૭૮ [સર્વ હક પ્રકાશકને સ્વાધિન] સને ૧૯૨૧

મુલ્ય ચાર આના.

શ્રી સદ્ગુરવે નમઃ.

પ્રદ્યુમ્ન નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

અંક ૧ લો.

આરંભમાં પ્રભુ પ્રાર્થના—બાદ નાટ્ય વસ્તુ સુચન.

પ્રવેશ ૧ લો—જંગલમાં ગૌચર (ગાયોને ચરવાની જગ્યા)માં ચરતી ગાંયોનો વધ કરવા શંબરગઢના ભૂપાળ શંબરરાજના સેનાપતિ જાબાલીનું સીપાઈયો સહિત આવવું. મહાત્મા સત્યાનંદે ગૌવધ ન કરવાનો ઉપદેશ કરવો. તેને ન ગણકારતા બળાત્કારે ગાયોને લઈ જતાં, કુમાર પ્રદ્યુમ્ને આવી તેનો અટકાંવ કરવો. શંબરરાજ આવી ચડતા પીતા પુત્ર વચ્ચે તકરાર લડાઈ. ગાયોનો બચાવ. ટેબ્લો.

પ્રવેશ ૨ જો—કોમીક કર્કશા સ્ત્રીથી કંટાળેલા સુધન્વાનો નવી બાયડી પરણવાનો વિચાર. પોતાના ભાણા વસંત સાથે તે સંબંધી મસલત કરવી. સુધન્વાનો ભેદ સુરેખા પાસે વસંતે ખોલી દેવો. ધણી ધણીયાણી વચ્ચે ચકમક.

પ્રવેશ ૩ જો—વજ્રગઢના રાજ ઉદ્યાનમાં ખાસ સહીત આનંદ કરતી વજ્રનાભની કન્યા પ્રભાવતીનું હરણ કરવા જાબાલીનું આવવું. તેનો પ્રપંચ પ્રદ્યુમ્નના જાણવામાં

આવતાં તે સ્થળે આવી પ્રહારથી તેનો બચાવ કરવો. બબાલીનું પલાયન થવું. પ્રભાવતી પ્રદ્યુમ્ન વચ્ચે પ્રણય બંધન.

પ્રવેશ ૪ થો—મહાત્મા સત્યાનંદના મકાનમાં દાનવોથી પીડાતી પવિત્ર ગૌમાતાના બચાવ તથા રક્ષા માટે ફંડ ભેગું કરવા શંબરગઢના ગ્રહસ્થોનું આગમન. દેવી નિર્મળ ગંગા તથા મહાત્માનો ઉપદેશ. ગ્રહસ્થોએ પોતાની શક્તિ અનુસાર તે ફંડમાં રકમ આપવી.

પ્રવેશ ૫ મો—શંબરગઢની પાઠશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ શંબર રાજની દાનવી શીક્ષણ પધ્ધતિનો ત્યાગ કરી શાળાનો બહિષ્કાર કરવો. નિર્મળ ગંગાનો બાળકોને બોધ. મહારાણી સુરાદેવીનું પાઠશાળા જોવા આવતા તોફાન નજરે પડતા નિર્મળ ગંગાને કેદ કરવાનો હુકમ ફરમાવવો. મહાત્મા સત્યાનંદે તેમને તેમ કરતા અવિનય અટકાવવા.

પ્રવેશ ૬ ઠો—પોતાની રાજનીતિથી વિરૂદ્ધ પડતા કુમાર પ્રદ્યુમ્નને સમજાવી આપવા શંબરરાજે સુરાદેવીને કહેવું. સુરાદેવીએ શંબર રાજના ગુસ્સાને શાંત કરવો. [illegible] પ્રદ્યુમ્નનું આગમન. [illegible] જોઈ [illegible] પ્રદ્યુમ્ન ઉપર [illegible] થવું. પ્રદ્યુમ્નનો તિરસ્કાર [illegible] અવિનયી [illegible]

પ્રદ્યુમ્ને બળાત્કાર કર્યાનો આરોપ. શંબર રાજે ગુસ્સે થઈ પ્રદ્યુમ્નને દેશ નિકાલ કરવો.

પ્રવેશ ૭ મો—કેમીક બીજી બાયડી પરણવાની સુન્ધાવાની ધારણા ધુળમાં મેળવવાની કોઇક યુક્તિ રચવા સુરેખાનું સ્ત્રી પુરૂષના ચોકઠાં ગોઠવનાર દલાલને ઘેર આવવું. સુધન્વાનું પણ વસંત સાથે નવી બાયડી મેળવવા પુરંદર પાસે આવવું. પુરંદરની પુત્રી વસંતીકા ઉપર વસંતનું આશક પડવું. સુધન્વા સાથે નવી સ્ત્રી સમજીને સુરેખાનું રૂંતના પુરંદરે કરાવી આપવું.

પ્રવેશ ૮મો—સંત રૂષીઓ પાસે મજુરી કરાવતા તથા મરેલા હાથીને ખેચાવતાં દાનવોનો તેઓના ઉપર જુલમ. ત્રાસ. નિર્મળગંગા—તથા સત્યાનંદનો બોધ પીતના સામે બહારવટે નીકળેલા કુમાર પ્રદ્યુમ્નનું ત્યાં આવી ચડવું. પીતા સાથે યુધ્ધ. સંત રૂષીને દાનવોના ત્રાસથી બચાવવા.

અંક રજો

પ્રવેશ ૧લો— શંબરરાજની કચેરી. રાજની આજ્ઞાની [illegible] ઉપર કરેલ નાખેલ શંબરરાજનું [illegible] અમલદારોની સલાહ[illegible].

પ્રવેશ ૨જો—પ્રભાવતીના મહેલમાં ગુપ્તરીતે રહેલા કુમાર પ્રદ્યુમ્નની વંશાવલી કહેતાં તથા તેના ખરા માત પિતા શંબરરાજ તથા સુરાદેવી નથી પરંતુ દ્વારિકાધિશ શ્રી કૃષ્ણચંદ્ર તથા મહાદેવી રૂક્ષ્મણી છે તે જણાવવા, રતીદેવીનું રાજકુમાર પાસે આવવું. પોતાનો પૂર્વ ઈતિહાસ જાણી પ્રદ્યુમ્નનું ખુશી થવું. બાદ પ્રદ્યુમ્નના રક્ષણ માટે શંબરરાજને ત્યાં ગુપ્ત રીતે રહેલી પોતાની પૂર્વે જન્મની સ્ત્રી રતીદેવીનો સ્વીકાર કરવો. પ્રભાવતીએ રતી-દેવીનો ઇન્કાર કરવો.

પ્રવેશ ૩જો—દુષ્કાળના દુખથી રીબાતા બ્રાહ્મણ કુટુંબ ઉપર દાનવોનો ત્રાસ. પ્રદ્યુમ્ને આવી બચાવ કરવો દાનવો સાથે યુદ્ધ. રાજભંડાર માટે જતુ અન્ન લુંટાવી બ્રાહ્મણ કુટુંબને વ્હેંચી આપવું.

પ્રવેશ ૪થો—પોતાની સ્રીના ત્રાસથી નાસી છુટેલા સુધન્વાનું ફરીથી નવી સ્રી શોધવા બાજુના ગામના પાદરે આવવું. જમાનાની ખાધેલ સુરેખાએ પુરંદર, વસંત, વસંતીકા વિગેરેની મદદથી ફરી તેને બનાવવો.

પ્રવેશ ૫મો—શબરગંદના વેપારી યશવંતરાયના વેપાર ઉપર આવકવેરો વસુલ કરવા સીપાઇઓ સહિત સંબરરાજનું આવવું યશવંતરાયના દિકરા નયચન્દ્ર આવક વેરો આપવા

ચોપી ના ખાડામાંથી લેવી ખાડ પીંજરા કુંડે ફેંકી. મુનીઓને કેદ કરવા. તથા તેના બીજા કારખાનાનો નાશ કરી નાખવા હુકમ ફરમાવવો.

પ્રવેશ ૬ઠ્ઠો—દાનવોના ત્રાસથી ત્રાસી રહેલ શંબર પુરી–પ્રજાનો ઉદ્ધાર કરવા પ્રદ્યુમ્ન–મહાત્મા સત્યાનંદ દેવી નિર્મળગંગાનો દ્રઢ નિશ્ચય. ધ્યાન નિતી શાંતિ સાધુ જીવન સાદા ખાદીના વસ્ત્ર પહેરી ધારણ કરવાની તથા વ્યસનનો ત્યાગ કરાવવા યોજના- પ્રદ્યુમ્ન પ્રભાવતી રતીદેવીની સાહાઇ રાખવાની પ્રતિજ્ઞા.

પ્રવેશ ૭ મો—શંબરગઢના ગૃહસ્થો તથા અન્ય દારૂડીયાઓનુ દારૂના પીઠામાં ભેળા મેળવું. દારૂ પીને બધાનુ ચકચુર થવું. બાદ નાચ ગાન માટે નાયકાને બોલાવવી. દારૂના નીશામાં બે ભાન થયેલાઓને લુંટી નાયકાનું ચાલ્યા જવું. સત્યાનંદ તથા નીર્મળ ગંગાયે આવી બધાને ભાનમાં લાવવા લુંટાયેલા દારૂડીયાનું ગભરાવું. મહાત્માનો બોધ, અન્ય દારૂડીયાનો તાદ્રસ્ય ચિતાર. દારૂ ન પીવા દરેકની પ્રતિજ્ઞા. સેનાપતિ જાબાલીયે આવી મહાત્મા તથા ગંગાને કેદ કરવા—

પ્રવેશ ૮મો—કોમીક. નવી બાયડીની ધુનમાં ફરતા સુધન્વાને ઠેકાણે લાવવાની સુરેખાની પ્રપંચ જાળ–વસંતે સ્ત્રી બની તેને બનાવવો.

પ્રવેશ ૬ઠ્ઠો—દારૂનો તથા માદક વસ્તુના બહિષ્કારનો પ્રજાને બોધ આપ્યા બદલ મહાત્મા સત્યાનંદ તથા દેવી નિર્મળગંગાને દેહાંત દંડની શીક્ષા. શીક્ષાનો અમલ કરવા સૈનિકોને જાબાલીની આજ્ઞા. સૈનિકોએ આજ્ઞાનો સવિનય ભંગ કરવો. પ્રજાવર્ગે ઉશ્કેરાઇ સામા થવું. સુરાદેવીએ ક્રોધીત થઇ પ્રજાવર્ગ ઉપર ગોળી પ્રહાર કરવો. પ્રજાવર્ગના પ્રતિ ગોળી પ્રહારથી સુરાદેવી ઠાર થવી. શંબરનો ક્રોધ નિર્દોષ પ્રજાની વ્હારે પ્રદ્યુમ્ન. લડાઇ, કેદીનો છુટકારો. શંબરનું પલાયન. ટેબ્લો.

અંક ૩જો

પ્રવેશ ૧લો—શંબરગઢથી નાશી છુટેલા જાબાલીનું વજ્રગઢમાં આવવું. એકાન્તનો લાભ લઇ રાજમહેલમાં સુતેલી પ્રભાવતી ઉપર બળાત્કાર કરવા જતા પ્રદ્યુમ્ને આવી ચડી તેનો વધ કરવો.

પ્રવેશ ૨જો—કોમીક. યુક્તિબાજ સુરેખાએ સુધન્વાની બીજી બાયડી કરવાની ખોડ ભુલાવવી. બાદ વસંત વસંતીકા સુધન્વા-સુરેખા બધાએ મળી સંપી જવું.

પ્રવેશ ૩જો—પરાજીત થયેલા શંબરનું વજ્રનાભ પાસે મદદ માગવા આવવું. વજ્રનાભે શંબરનો સત્કાર

કરવો. તથા પોતાની પુત્રી પ્રભાવતી પણ તેને આપવાનો વિચાર જણાવવો. પ્રભાવતીનો અનાદર. બળાત્કારે સોંપવા જતા પોતાના પૂર્વ જન્મના વેરી શંબરને શોધતા શોધતા વિર પ્રદ્યુમ્નનનુ સૈન્ય સહિત આવી પહોંચવું. ભીષણ લડાઈ, શંબરાસુર તથા વજનાભનો વધ. પ્રભાવતીનો છુટકારો.

પ્રવેશ ૪ થો—શંબર, જાબાલી, વજનાભ, સુરા વિગેરે દાનવોનો વધ કરી પુનઃ શંબરગઢમાં શાંતી સ્થાપન કર્યા બદલ સત્યાનંદ નીર્મળગંગાનો આનંદ. પોતાના જન્મદાતા માતપિતાને દ્વારામતી મળવા જવા પ્રદ્યુમ્નનો નિશ્ચય. સત્યાનંદ તથા ગંગાએ પણ સાથે જવું.

પ્રવેશ ૫મો—દ્વારામતીમાં કૃષ્ણચંદ્ર રુક્મીણી સાથે પ્રદ્યુમ્નનો મીલાપ. લાંબા સમયથી ગુમ થયેલા પુત્રના પુનઃ મીલનથી તથા પુત્ર વધુ પ્રભાવતી તથા રતી દેવીને નીરખીને માતાના આનંદનો અતિરેક. અંશાવતારી મહાત્મા તથા દેવી નીર્મળગંગાના દર્શનથી શ્રીકૃષ્ણની કૃતકૃત્યતા અધર્મની વૃદ્ધિ થતાં અને ધર્મની ગ્લાની થતાં દુષ્ટોનું દમન કરવા તથા સાધુઓનું સંરક્ષણ કરી ધર્મનું પ્રતિપાદન કરવા મહાત્મા તથા દેવી સમા રત્નો દિવ્ય ભારતીમાં ઉત્પન્ન થશે એવું શ્રીકૃષ્ણચંદ્રનું વરદાન.

અંતિમ આનંદ શાન્તિ....શાન્તિ....... શાન્તિ.......

પુરૂષ પાત્રો.

પ્રદ્યુમ્ન કુમાર—શંબરરાજ દાનવને ઘેર ઉછરી મોટો થયેલો શ્રીકૃષ્ણનો પુત્ર. કામદેવનો અવતાર

શંબરરાજ—શંબરગઢનો પ્રજાપીડક જુલમી દાનવરાજા

જાબાલી—તેનો સેનાપાત

વજ્રનાભ—વજ્રગઢનો દાનવ રાજા, શંબરરાજાનો મીત્ર

સત્યાનંદ—પ્રજારક્ષક પરોપકારી મહાત્મા

યશવંતરાવ, નવલરાય, નયનચંદ્ર — શંબરગઢના ગૃહસ્થ નાગરીકો

સુધન્વા—એક ગરીબ રજપુત પ્રદ્યુમ્નનો મીત્ર

વસંત—તેનો ટીખલી ભાણેજ

પુરંદર—નાતરૂં કરાવનાર દલાલ

સ્ત્રી પાત્રો.

સુરાદેવી—શંબરરાજની રાણી

રતીદેવી—પ્રદ્યુમ્નની સ્ત્રી, પૂર્વની કામદેવની સ્ત્રી રતી.

પ્રભાવતી—વજ્રનાભની પુત્રી પ્રદ્યુમ્નની પત્ની

નિર્મળગંગા—સત્યાનંદની ધર્મવાન પત્ની

સુરેખા—સુધન્વાની તાલીમબાજ બાયડી.

વસંતીકા—પુરંદરની પુત્રી, વસંતની બાયડી

તે સીવાય દાસ દાસી, સૈનીક, શેહેરીઓ, વિદ્યાર્થીઓ દાનવો મજુરો, દારૂડીયાઓ, નાયકાઓ, સંત રૂષીઓ ગરૂડ શ્રીકૃષ્ણ રૂકમીણી વગરે વગેરે....

શ્રી ગણેશાયનમઃ

પ્રદ્યુમ્નકુમાર નાટકના ગાયનો.

નટી તથા બાળાઓ

શ્રીપતિ શ્રી કુંજ બિહારી ગુણ ગામી
ક્ષીતી પાળ પ્રભુ ગોપાળ નીષ્કામી
સુરનર મુનીવર ધ્યાન ધરે મોરારી
પરી બ્રહ્મ પરમેશ દયાની દૃષ્ટી કર
સાષ્ટાંગ ચર્ણે વિનતિ કરૂં શીશ નામી—શ્રીપતિ
અખીલ વિશ્વમાં તું વ્યાપી રહ્યો છે
ભીન્ન ભીન્ન રૂપે તું પ્રકાશી રહ્યોછે
વિશ્વભંર તું છો વીભુ અક્ષય ધામી

બાળાઓ— ૨

ધન્ય ધન્ય ભારત ભૂમીના સંતાન
દેશ ભક્તિ સદાએ ઉરમાં ગુનાન
ભીષ્મ ભીમ પારથને પરશૂ જેનું નામછે
કૃષ્ણ ચંદ્ર બળદેવ લક્ષ્મણ શ્રી રામછે
એ નરોએ કીધું છે આ દેશનું કલ્યાણ—ધન્ય
મન મોહનને લાલ બાલ બંસી વાગી આ વાર
એ બંસીના મધુર નાદથી થશે દેશ ઉધ્ધાર
એવા કર્મવિરોથી ભારત વર્ષ છે આબાદાન—ધન્ય

૩

સુધન્વા—હું લાવીશ લલના લટકાળી રંભાથીઅધીક રૂપાળી
વસંત—કોઇ મળશે વીધવા બાળી માથા ઉપર મુંડાળી
સુધન્વા—કોઇ દલાલને ઘેર જાઉં—
સાટું નકકી કરી આવું
પછી પરણીશું મતવાલી નાનકડી નાર રસાળી—હું
સુરેખા—તું સાલ શોકનું કરશે—
—તો મગજ મારૂં વીફરશે
ને બનીશ ચંડી કાળી તો લઇશ ભોગ મવાલી હું—

પ્રભાવતી ૪

સખી સુણો કોકીલ ... મધુર બોલે
કદંબ ડાળે બેસીને ઉરના ભેદ ખોલે
સખીઓ—લવંગ લતાને લલિત લગન લાગી
મદભીની હ્રદય માંહે સ્નેહ વીણા વાગી
કીશોરી ઝુલે અનંગના હીંડોળે—શું મધુર
પ્રભાવતી—જુઓ વૃક્ષે વીંટાણી પેલી વેલી
સખીઓ—એવી તુંએ વીંટાજે અલબેલી
.............................કોઇ અલબેલાને..............શું

સખીઓ ૫

વદન નનય તારૂં મૃગનયની પ્રફુલીત કેવું થયું
ચંદ્ર જેવું આ રૂપ અલૌકીક અલબેલીએ ધર્યું

કુસુમી કંચુકીત તારી સ્તન મંડળ શોભી રહી
કીટી પાતળી મદન મહેલે કેવી લ્હેકી રહી
સખી કીકીમાં કામણ ભર્યું.......વદન
પ્રભાવતી—અણસમજુ બાલીકાને સહીયર શીદને શરમાવો
અલી મધ માંખો મીઠડા બોલી ચબાવલી દુર થાઓ
સખીઓ-નવીન યોવન શું ખીલી રહ્યું.............................
સખી— ૬
નાજુક નારી કીટી તારી કામણગારી કેવી છે
આ મદભર સુંદર નરવરનું મન હરનારી (૨)
પ્રભાવતી—મનગમતા મોહન મળીઆ..............................
સખી—મનના મનોરથ ફળીઆ..............................
પરવશ થઇ સખી પ્રેમ દુલારી ....નાજુક
પ્રભાવતી—વાલમ વીણ મુલ વેચાણી..............................
પ્રદ્યુમ્ન—તું સ્નેહ સરિતા શાણી..............................
સખીઓ—હવે ચાલો જઇએ રાજ કુમારી..........નાજુક
નિર્મળ ગંગા— ૭
ગુણવાન ભારત માંહે વરસે આભ સીતમનો
રૈયત સુખ ભુવનમાં પ્રજળે કોપ જુલમનો
જ્યાં ગૌ તણાં હતાં થાણાં ભાસે ગૌવધ શાળા
ભણતા વેદના મંત્રો જણાયે નીંદાવાળા—ગુણવાન
સુવર્ણ ભારત ભમિને લૂંટી અપરંપાર

દાનવ રાજ્યની સત્તાએ વરત્યો હાહાકાર
સન્નારીઓ હતી લાખો વસે ત્યાં હા ગુણીકાઓ
જે દેવ ભૂમિ વીરાજે દીસે ત્યાં દાનવીઓ—ગુણવાન
નિર્મળ ગંગા— ૮

ધનવાન થઇ ધન કોદી પરમાર્થમાં ન ખર્ચે
તેવા જનો આ જગમાં છે દામ તણાં પુજારી
નીજ દેશ દાઝને દીલમાં દેશી બની ના ચચે
પદવી મળી મોટી છતાં શુભ દેશનું કીધું નહિ
ભક્તિ કરી નહિ દેશની પદવી લીધી જખ મારવા
રાજા બની ગૌમાતની રક્ષા કદી કીધી નહિ
ગૌવધ તણી ઇચ્છા ઉરે રાજા થયા જખ મારવા
સુસંપ જ્યાં ફેલાશે આબાદી તે અવાસે
જ્યાં રામ રાજ્ય ચાલે ત્યાં ધર્મ શાન્તિ છવાશે—ધનવાન
નિર્મળ ગંગા— ૯

વ્હાલા ! ઓ ભારતીના બાળ ! બધો આધાર તમપર છે
બાલુડા ! હીન્દના હીરલા ! બધો આધાર તમપર છે
વિદ્યાદેવી ભણો બાપુ ! તિમીર આ દેશનું કાપો
બચાવો દીન ભારતને જપો સ્વાતંત્ર્યના જાપો
તમારા રક્ત બીંદુને સ્વદેશી વૃતથી ભરજો
તજીને મોહ વિદેશી રૂડી ખાદી હવે ધરજો
કદી પરતંત્ર ના થાજો ગુલામી ના અનુસરશો

સદા સત્યાગૃહી બનજો પ્રીતે સ્વાધીનતા વરજો
ઉગ્યો ઉજવળ વિમળ ભાનું હવે નિંદ્રા તજી જાગો
બનો વિરકેશરી પ્યારા ! બધો આધાર છે તમપર

સુધન્વા— ૧૦

ઇજ્જતમાં ગાબડું પડયુંરે ભાઇસાબ પુરી ફજેતી થઇ
કીધુ મેં નાતરૂં નવી જાણી પણ જુની નસીબમાં રહી

સુરેખા—ચાલ પીટયા ઘરે ચાલ
તોડું છું હું તારી ટાલ—

સુધન્વા—થયા છે ભુંડા આ હાલ—ઇજ્જત
છેતરાયો વૈરી છળથી આ મરદ ખરો મુછાળો
કોકીલમાંથી કુકડી નીકળી છે ગંભીર ગોટાળો

દાનવો— ૧૧

અતિ અચળ તપો, મહારાજ તાજ
નરવર શીરમણી શુભકાજ આજ
દાનવપતિ સુખ સંપત્તિ સત્તા
ત્રીભુવન મંડળે પામો મહત્તા
યશ ગુણ ગાયન આપ રજ—અતી

પ્રદ્યુમ્ન— ૧૨

લખ્યા જે લેખ વીધીના મીટાવ્યા મીટે નહિ કોઇના
નસીબના જોશ જોશીથી કદાપી જોઇ શકાયે ના

પલમાં નીર્ધન ધનવંત થાયે
ધનવાનો નીર્ધન થઇ જાયે
એવા છે ભાવીના તમાસા—લેખ
કાગળ પત્રો વાંચ્યા વંચાયે
કર્મ વાંચ્યું તે નહિ વંચાયે
કીસ્મતના છે અભેદ પાસા—લેખ

પ્રભાવતી-રતીદેવી— ૧૩
દેવાંજી સુખ રાશીછો જીવન આત્મા રામ
રજનીના શીતળ શશી નયન સલુણા શ્યામ
છો રાજ રસીક રઢીયાળા મનમોહનજી મતવાલા
જપીયે અંતરમાં માળા તવ ચરણુ શરણુ આ બાળા
પ્રદ્યુમ્ન—હ્રદય કુંજમાં રાખું રસીલી સમ દ્રષ્ટીએ તમને
પ્રભાવતી-રતીદેવી—છે બલિહારી વામાવેલી
નંદનવનના મલય પવન છો કલ્પ તરૂ સમ વ્હાલા

વસંતીકા— ૧૪
થોડી ગોરી છું પણ ગાંડી ઘેલી નાર હું તો તમને પરણી
વસંત—સારો સફળ કીધો તેં અવતાર
વસંતિકા—નાના [illegible]ના, બીજા છે લાખ બાપુ
વસંત—ખારી ખટુંબાળી કરી તને સ્થાપું
વસંતીકા—આગ્રા બોરડા મારા છે ભરથાર—હું તો

છોકરો— ૧૫

મા મને ખાદીની ટોપી અપાવ
ખાદીનો ડગલો ખાદીની પોતડી
ખાદીનું પહેરન શીવડાવ—મા મને

છોકરી—મા મને ખાદીનાં લુગડાં પહેરાવ
ખાદીનું પોલકું ને ખાદીની ઓઢણી
ખાદીનો ચણીયો શીવડાવ—મા મને

નિર્મળ ગંગા— ૧૬

ભારતના સદગુણી સંતાન હવે તમે પ્હેરજો ખાદી
કર્મવીર સુત્રને દઇ માન હવે તમે પ્હેરજો ખાદી
તજો મોટાઇની માયા સદા સાદાઇમાં છે સાર
મોહક વસ્ત્રોમાં વીરા ખુશીથી મૂકજો અંગાર
કલંકો દુર કરવાને..................હવે તમે
તમારો લક્ષ્મી રક્ષક તે ખરો આ ખાદીનો પોશાક
તમારો અન્નદેવ સાચો છે નિર્મળ ખાદીનો પોશાક
બાળવીર વૃત ધરી ચાલી—હવે તમે

નિર્મળગંગા— ૧૭

પીઓ નહિ મદીરા તમે હિન્દુને ઇસ્લામ !
એ હળાહળ ત્યાગીને બનો દેશાભિમાન !!
મહુડાને કરી [illegible] ખરી, [illegible] કરી
[illegible] ખાદી ધરી તલવારે [illegible] રે ! જરી

વ્યસન માત્રને સુશીલ પાત્ર સૌ ગણે સહાય નકામા
નકામા તમામ એ નકામા
શો સાર છે મદિરામા !!
ભક્તિથી ભરી દેશ સેવા કરી પાપોથી ડરી
કીર્તિને વરી, દેહ મનુષ્ય મળશે ના ફરી
કુસંગ પાત્રને વેદ શાસ્ત્ર સૌ ગણેય સહાય નકામા–પીશો.

સુધન્વા— ૧૮

ગોરી ઘુંઘટનો પડદો ખોલો આ પ્યારાની સંગે બોલો
વસંત—શરમાણી હું તો શાણી લટકે મુછાળા રાજા
સુધન્વા—માનીતી પટરાણી ખવરાવું બેખર આજાં
આતો લાગે ધનજી ઢોલો—રંગીલી

સુધન્વા— ૧૯

આ ભૂલ થઇ છે મ્હારી બાપુડી લે ઉગારી
ઓ પીતા માફી આપોને આ વાર *
સુરેખા—કાલે તુજ માથું કાપીશ કાળીને ભોગ આપીશ–ઓ.
સુધન્વા—બાપુ ના મુજને મારો
સુરેખા—છે ગુન્હો મોટો ત્હારો—ઓ પિતા

સખીઓ— ૨૦

રંગભીની ધીરે ધીરે વાયું ઢોળી
ફુલ શૈયામાં સુતી આ ભોળી

દુલારી પીયુની પ્યારી (૩)
સખી જુઓ અર્ધ ઢળેલી
આંખલડી કેવી ખીડેલી
ગૌરવર્ણી સાહેલી
મીઠી મીઠી નીંદ્રા લાવે અમોલી—

કોમીક પાત્રો— ૨૧

હીંદી હીરા જાગો વીરા બોલો વંદેમાતરમ્
મોહક મોહન ગાંધીનો જક બોલો વંદેમાતરમ્
લોકમાન્ય તિલક ગુણ ગીતા બોલો વંદેમાતરમ્
હીન્દુને ઇસ્લામી સંપી બોલો વંદેમાતરમ
ઘરેઘરે ગાંધીનો રેંટીઓ રૂડા ધરો
સ્વદેશી વ્રત પાળીને સ્વરાજને વરો

પરાઇ આશા સદા નીરાશા સ્વાશ્રય સુત્ર ધરો
દેશનેતાને આધીન રહીને સ્વાધીન દેશ કરો


નિર્મળગંગા— ૨૨

અરે ! ઓ હિન્દના હીરા !! દશા શી આ તમારીછે !
સ્મૃદ્ધી વિદેશે ગઇ ચાલી હવે તો કંઇ જરા જાગો !!
અખી ઉમ્મર ભણ્યા વિદ્યા પછી પરતંત્રતા લીધી
જીવનદોરી ટુંકી કીધી હવે તો કંઇ જરા જાગો !!
ઉપાધી પદવીમાં મોહ્યા બન્યા વિદ્વાન વિદેશે જઇ
કર્યું શું શ્રેય ભારતનું હવે તો કંઈ જરા જાગો !!

નથી સત્તા નથી લક્ષ્મી નથી તન પહેરવા વસ્ત્રો
બની દીન હિન્દ ભીખારી હવે તો કંઇ જરા જાગો!!
અભ્યુદય દેશનો કરતા અડગ નિશ્ચય ઉરે ધારો
કરો નિજ દેશશીત કાર્યો હવે તો કંઇ જરા જાગો!!

૨૩

પ્રભાવતી—જાણ્યા મે તમને જાણ્યા ઠગારા છો કાન
પ્રદ્યુમ્ન—મધુરી મોહિની પાઓ સુધારસ પાન
પ્રભાવતી—પ્રેમ ઝુલે ઝુલો વ્હાલા
પ્રદ્યુમ્ન—શાણી સલુણી છો ગુણની શાળા
પ્રભાવતી—મીઠાં મીઠાં બોલી મારો મા નયન બાણ—જાણ્યા
પ્રદ્યુમ્ન—અલૌકિક સુખ દેનારી
પ્રભાવતી—મુર્તિ અંતરમાં ધારી
કુસુમ કળીના ભોગી મધુકર છો મમ પ્રાણ—જાણ્યા



જાહેર ખબર.

શ્રી રમાકાનત નાટક સમાજમાં ભજવાતાં નાટકોની ચોપડીઓ સમાજનો જ્યાં મુકામ હશે ત્યાંથી રોકડી કીમતે મળી શકશે.

નાટકનું નામ				કીંમત.
રા. નવઘણ નાટકના ગાયનો		...	...	૦—૪—૦
સ્વદેશમણી વીર છત્રસાલ નાટકના ગાયનો			...	૦—૪—૦
પ્રદયુમ્ન કુમાર	,,	,,	...	૦—૪—૦
વીર જરાશંઘ	,,	,,	...	૦—૪—૦
વામન અવતાર	,,	,,	...	૦—૪—૦
હવે પછી				
બુધ્ધ અવતાર	,,	,,	...	૦—૪—૦
સાવિત્રી ચરિત્ર	,,	,,	...	૦—૪—૦
દેવી અનસુયા	,,	,,	...	૦—૦
એકલશ્રંગી	,,	,,	...	૦—૦

માલીક—

શ્રી રમાકાન્ત નાટક સમાજ.

સુરત—સ્ટેશન રોડ ઉપર આવેલા શ્રી "**મહાશક્તિ** પ્રીં. વર્કસમાં **ચંપકલાલ** ગિરધરલાલ જરીવાળાએ છાપી અને **અમૃતલાલ એમ. આઇ. આશારામ ઓઝાએ પ્રસિદ્ધ** કરી ઠે. સુર્યપ્રકાશ થીયેટર સુરત.